કન્યા વાચનમાળા.

પુસ્તક પહેલાનો અર્થ.

રચનાર.

મેસર્સ સી ડી. શાહ એન્ડ કો.

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—શા. મગનલાલ મોતીરામ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

આવૃત્તિ ૪ થી   સને ૧૯૧૬

સુરત—ખપાટીયા ચકલા, તાસવાળાની પોળ, લક્ષ્મીનારાયણના મંદિરમાં આવેલા "જૈન વિજય" પ્રેસમાં મુલચંદ કસનદાસ કાપડિયાએ છાપ્યું.

કિંમત ત્રણ આના.

કન્યા વાચનમાળા ભાગ ૧ લાના અર્થ.

પાઠ ૧ લો.

શાહેનશાહ=મહારાજાધિરાજના રાજા.
ગીન=મજબુત; જોરાવર
પુરાતન=ઘણુ જુનુ.
ચરિત્ર=વૃત્તાન; હેવાલ.
જયેષ્ઠ=મોટા.
પ્રિન્સ ઓવ વેલ્સ=વેલ્સ પ્રાંતનો રાજપુત્ર.
ઇલકાબ=ખિતાબ
નિખાલસ=ખુલ્લા મનના
નૌકાશાસ્ત્ર=વહાણ ચલાવવાની કળા.
યોજના=ગોઠવણ.
અત્યંત=ઘણોજ
તાલીમ=કેળવણી
પ્રવાસ=મુસાફરી.
પ્રદક્ષિણા=ચોગરદમ ફરી વળવું તે.
ચાલુ=કાયમ.
પદવી=ઓદ્ધા.
પ્રવીણ=માહીતગાર.
નિર્ણય=ઠરાવ.
ક્રમે ક્રમે=એક પછી એક
બાધો=બ ધારણ.
નિર્માણ=નક્કી
યુવરાજ=ગાદીનો વારસ
આદરસત્કાર=આવકાર; પરોણાચાકરી.
લથડવા=અગડવા
રાજ્યાભિષેક=રાજગાદી પર બેસાડવાની ક્રિયા
પાયતખ્ત=રાજધાનીનુ શહેર.
આબાદી=ચઢતી

પાઠ ૨ જો.

નણ દ=વરની બેન.
કદ=ઘાટ.
નેફો=ચણીઆના જે ભાગની અ દર પાટી ઘાલવામા આવે છે તે
કુચો=કુચડો.
બહાનુ=ઓઠુ; ખોટું કારણ.
ચીતરી કાઢયાં=ગમે તેમ લખી કાઢયા
નકલ=બરાબર ઉતારો કરવો તે
લપલપાટ=જોઇએ તે કરતા વધારે ઉતાવળ.

પાઠ ૪ થો.

વિવેક=સલુકાઇ
ઠેસ=ઠોકર.
ચાકળો=ચામડા વગેરેનુ રૂથી ભરેલુ ગોળ આસન.
ચીંદરડી=લુગડાનો કકડો.
ખાતર=અરદાસ
વય=ઉંમર

ટા મનનાં=ઉદાર દી-
લના
આદરસત્કાર=આવકાર; પરોણાગત,
ટળાવી=મટાડી.
મફતની=વગર પૈસાની

પાઠ ૫ મો.

ઘોરો છો=ઉંઘો છો
શરમીંદા થઇને=લજ-
વાઇને.
વાળુ=રાતનુ જમવાનું
તોપ પડવી=મોટાં શ-
હેરોમાં વખત જણા-
વવા માટે તોપનો
અવાજ કરવામા
આવે છે તે
મહાવરો=અભ્યાસ, ટેવ
સાચ્યુ=મચાવ્યુ, ભેગુ
કર્યુ
સમજુતી-વહેલા સૂઇ
જાય અને વહેલા
ઉઠે તે જરાપણ દુઃખ
જુએ નહિ, કારણ
કે ઘણી તાકાત, અ
ક્કલ અને દોલત વધે
છે તેથી તેને બધા
સુખ મળે છે.

પાઠ ૭ મો.

ધીરજ=સબુરી.
ના પસંદ=અણગમતા.
વઢકારૂ=વઢકણું.
ટીક ટીક કરવુ=બ-
બડવું
અણગમો=નાખૂશી
કંટાળો=ચીતળી, ત્રાસ
કૃત્ય=કામ.
સંભાળ=સાવચેતી
પૂરતી=જોઇએ તેટલી
સાવચેતી=સંભાળ
શત્રુવટ=વેર, દુશ્મનાઈ
બળાપો=ગભગમણ.
સમાચાર=ખબર
રંગ=મજા
ભંગ=નાશ
ફળાદિ=ફળ વગેરે.
હરી ગયો=ચોરની રીતે
લઇ ગયો.
પતિ=ધણી, વર
રાક્ષસ=દૈત્ય; અસુર.
છુટકારો= છૂટકો.
આરોપ=આળ.

પાઠ ૮ મો.

શોખ=છંદ; નાદ.
'ફરે તે ચરે અને
બાંધ્યાં ભૂખે મરે'=મ-
તલબ કે માણસ
મહેનત કરે, તો તેને
તેનુ ફળ-ખાવાનું
મળે; પણ જો મહે-
નત ન કરે, તો ભૂખે
મરી જાય.
લાગુ=બંધ બેસતું.
સીમ=ખેતર
અર્થ=મતલબ.
કહેવત=કહેતી અનુ-
ભવ સિદ્ધ વાક્ય
બોધ=શિખામણ; ઉ-
પદેશ.
માદલા=માદા જેવાં.
કામણ=જાદુ, વશ ક-
રવાની યુક્તિ.

પાઠ ૯ મો.

છંદ=શોખ, નાદ.
બાળકબુદ્ધિ=કમસમજ

ભારે=ઘણો.
વડ સસરા=મોટા સસરા; વરના બાપના બાપ.
સ્નાન=નહાવું તે.
વીત્યા=ગયા.
ક્ષય=છાતીમાથી ગળફા પડે અને શરીર કંતાતું જાય એવો રોગ.
આગ્રહ=મંડયા રહેવું તે
કંતાઇ=તવાઇ.
જોટવા=વેઢ
છવિટીઓ=સ્ત્રીને પગની આગળીએ પહેરવાની ઘુઘરીવાળી વીંટીઓ
ફૂલ=ફૂલના ઘાટનુ ઘરેણુ.
ફૂલવાળીઓ= } ઘરે
ઝુમડી= }
ણાંનુ નામ છે.
સોળીઉ=કાનની લાળીમાં પહેરવાનું બેરાનું ઘરેણું.
લવીંગ=લવેંગના આકારનુ કાને પહેરવાનું સોનાનું ઘરેણું.
છડ=હાથે પહેરવાનુ ઘરેણુ.
દામણી=કપાળની છેક ઉપર પહેરવાનુ હીરા મોતીનુ ઘરેણુ.
નાગફણી=એક જાતનુ ઘરેણુ.
અણુગમો=કંટાળો.

પાઠ ૧૧ મો.

ગળગળી થઇને=રડવા જેવુ મો કરીને
માઠી ખબર=દુખદાયક સમાચાર.
ખેદ=દીલગીરી, અફસોસ.
પત્તો=ઠામ, ઠેકાણું
ખોળમખોળ=શોધાશોધ
લાશ=મુડદું, મરી ગએલુ પ્રાણી.
દાવડી=ડાહી.
ઓતાડો=કોઈ જતુ આવતુ ન હોય એવી જગામાં આવેલો; એકાંત.
નોતરૂ=જમવા આવવાનુ કહેણુ કહેવાનું કામ.
બારોબાર=પરભારી.
દાખલા=દ્દષ્ટાંત; ઉદાહરણ
ટાણેટચકે=સારા અવસરે.
શોભા=ખૂબસુરતી.
ચાલ=રીત; ધારો.
વખોડે=નિંદે.

પાઠ ૧૩ મો

ચાંદો=એબ, ખોડ.
નસીબદાર=ભાગ્યશાળી, ધારેલો લાભ સહેલથી મળે એવી.
ખુદા=ઇશ્વર.
ઉછેદીઉં=છોકરા વગર મરી જાય તેની મા-

'ભમના મળે તે.
ખોડા=ચાંદાં.
આંટા નીકળી જાય છે =સખત મહેનત ક-રવી પડે છે.
કાળજુ ઠારે=સંતોષ પમાડે.
વારસ=હકદાર.
રણશીંગડુ=તતુડું.
માંજરી=ભુરા ડોળા-વાળી.
ખોડીલો=ખોડવાળો.
કરડી=આકરી, મારકણી
કન્યા=કુંવારી છોકરી.
કદરૂપી=બેડોળ
અજવાળુ કર્યું=આબ-રૂ મેળવી

પાઠ ૧૪ મો.

નણંદ=વરની બેન.
ભોજાઈ=ભાઈની વહુ.
ચાવળી=બહુ બોલી.
મીઠું મરચું ભભરાવે=વાત રસિક કરવા માટે પોતાના તરફના શબ્દ ઉમેરે.
ઠપકો=ગુનાહના બદ-લામાં કડવાં વેણ કહેવાં તે.
દાવો=હક
દાખવશે=બતાવશે
મહેણું=તોણું
લાજ=આબરૂ.
પોળને મોઢે=પોળને છેડે
ગાઠીઓ તાવ=તાવ સાથે ગાંઠ નીકળે એવો રોગ, એ એ રોગને અંગ્રેજીમા પ્લેગ કહે છે.
ખરાખરી=ખરૂ ખો-ટું નક્કી કરવું તે
વગોણું=ફજેતી, નિંદા
શિક્ષા=સજા
પાત્ર=લાયક.
અસર=લાગણી
શેરડા પડવા=શરમાઇ જવું, કોલવાઇ જવુ; લજવાઇ જવુ
વલે=હાલ; ફજેતી.

પાઠ ૧૫ મો.

ગાળવા=ગુમાવવા.
કાળજી=ફીકર; ચિંતા.
સંભાળ=બરદાસ
ફરિયાદ=રાવ.
વિતાડયુ=દુઃખ દીધું
હેરાન=દુઃખી.
ગેરહાજરી=હાજરી નહિ તે.
નિશ્ચય=ઠરાવ.
ફેર=ફરક, તફાવત
કુટેવ=ખરાબ આદત
ચેન=સુખ.
લવરી=લવારી.
દાકતર=અંગ્રેજી દવા કરનાર.
પટાવીને=ફોસલાવીને
શોકવાન=દીલગીર, શોકાતુર.
લેવાયુ=નખાયુ, કમ શક્તિ થઇ.
કાળજી=ફીકર.
ગોઠવણ=બંદોબસ્ત.

મંદવાડ=બિમારી
છોકરવાદી=નાદાની.
પસ્તાવો=દીલગીરી; અફસોસ.

પાઠ ૧૭ મો.

વઢકારી=વઢકણી; લડાઇ કરનારી.
બહાનાં=ઓઠાં.
વારો=વખત.
છુટકો=નિકાલ.
શોક=દીલગીર; બેચેન.
વળગો=લાગો.
આય=શક્તિ.
મુનિવ્રત=મુંગા રહેવું તે
ઉકળી=ખીજવાઇ.
માર્ગ=ઉપાય.
ખોળ=શોધ,
દોઢ વાક=એક આખો અને બીજો અડધો.
વઢવાઇ=લડાઈ.
મિથ્યા=ફોકટ.
ભાર=વક્કર.

પાઠ ૧૮ મો.

સોબત=સંગત.
ફળ=પરિણામ.
જાૂઠું=જુઠાણું, ખોટારૂં
અવગુણ=ખરાબ ટેવ.
બનાવ=વાત, વિગત.
સુચાલ=સારી ચાલ.
જેવી સોબત તેવી અસર=જેવા માણસની સગત હોય તેવા ગુણ આવે.

સમજુતી–જો નઠારી સોબત મળે તો નઠારા કામ કરાય, સારી સોબતથી હમેશા સારી ચાલ ચલાય.

પાઠ ૨૦ મો

દયા=રહેમ; મહેર.
દાન=ધર્મ બુદ્ધિથી આપવું તે.
છાતીફાટ=ઘણું.
હડખાયુ=હડખવા લાગેલુ.
ઓરવા=રાધવા.
ખરાદીલથી=અંતઃકરણથી.
ઠઠ=જમાવ; ટોળું.
રાહ=વાટ.
આશીશ=સારી દુવા; આશિર્વાદ.
આગ્રહ= કાલાવાલા.
સ્વાર્થી=મતલબી.
પરગજુ=પારકાનું ભલું કરનાર
રૂઠે=નારાજથાય; કોપે, ગુસ્સ થાય
બક્ષીસ=ભેટ, સરપાવ.
કૃત્ય=કામ.
હર્ષ=આનંદ; હરખ
અરે=કાળજી; ફીકર.
ઊર=મન, દીલ.
સુપાત્ર=લાયક; યોગ્ય.
સાથ=સાથે.

સમજુતી.–દુઃખી પ્રાણીને જોઇને જે માણસ મનમાં તેના દુઃખ દૂર કરવાની

ફાળજી રાખે અને
દયાળુ થઈને દાન
(કરે) કરી જાણે; ચો-
અને દાન આપ્યું હોય
તે દાન સારૂં છે;
કહે છે કે હાથે દાન
કરશે તે સાથે આવશે.

પાઠ ૨૧ મો.

મલીદો=એક જાતની
ઉંચી વાની.
નવરાઇ=ફુરસદ,નવરાશ
રોટી=રોટલી.
ચાવલ=ચોખા.
ખોટ=તંગાસ; તંગી.
અસર=પાસ.
વિસારે પડી=ભુલી ગઇ
સ્થિતિ=હાલત; દશા.
તક=દાવ; લાગ
પોટકી=પોટલી.
બંદગી=સ્તુતિ,વખાણ.
લાખ=ઝાડનો રાનો
ચીક
સંપાડવું=મેળવવું
રજેરજ=જરેજર.

શરમ=લાજ.
લાભ=ફાયદો.

પાઠ ૨૩ મો

સત્તા=હુકુમત
તાગ=છેડો, અંત
અસંખ્ય=અગણિત
અપાર=પારવગરનુ.
વાવાઝોડુ=પવનનુ
તોફાન.
યાદ=ફોમ.
કાટકા=મોટા અવાજા
છળવું=ડરવુ.
દેવળ=દહેરૂં.
અતિવૃષ્ટિ=ઘણો વરસાદ
દુકાળ=અનાજ પાણી
ન મળે એવો વખત.
હિમ=બરફ.
ધરતીકંપ=જમીનનુ
હાલવુ તે.
જ્વાળામુખી=બળતો
પહાડ.
ભયંકર=ભયાનક.
આનંદકારક=આનંદ
આપનાર

મંદમંદ=ધીમોધીમો.
સુખકારક=સુખ કરનાર
નિરંતર=હમેશાં.
અદ્ભુત=ચમત્કારી:
ઝીણો=ઉંડો.
આશ્ચર્ય=નવાઇ.
દીંગ=તાજુબ.
અનંત=જેનો છેડો
નહિ તે, પાર વગરનુ
ધોડા=મોજા
છાયા=પડછાયો, ઓળો
સ્વપ્નાંવશ=સ્વપ્નાં
આવે તેવી.

પાઠ ૨૪ મો

વિસાત=ગણતરી;
હિસાબ.
ઇંદ્રિયો=જે વડે કામ
અથવા જ્ઞાન થાય
છે તે.
બ્રહ્માંડ=વિશ્વનો ગોળો
કાર્યો=કામો.
સમર્થ=બળવાન.
વ્યાપી=ફેલાયલો.
સર્વ શક્તિમાન=બધી

શક્તિવાળો.
સર્વવ્યાપી=બધે ફે-
લાયલો.
સર્વજ્ઞ=સઘળું જાણ-
નાર.
આપોઆપ=પોતાની
મેળે.
હેતુ=મતલબ.
ઋતુ=રત. મોસમ.
દયાવાન=દયાળુ.
આરોગ્ય=તંદુરસ્ત.
સોસવુ=વેઠવુ, ખમવું.
પૂર્ણ=પુરૂં.
નારાજ=નાખૂશ.
ભાવ=આસ્થા, શ્રદ્ધા.
પ્રાર્થના=અરજ, વિ-
નતી

પાઠ ૨૬ મો

પૂર=રેલ.
મુશ્કેલ=અઘરી.
તરાપો=વાસ બાંધીને
ટટ્ટી જેવુ કરે છે
તે.
દોર=દોરી.
વાત્રક=ખેડા જિલ્લામાં
નદી છે.
ભેખડ=ટેકરાનો ઝૂલતો
ભાગ.
ઢીંચણપુર=ઘુંટણ જે-
ટલા.
ભમરા=વમળ; પાણી
ગોળ ચક્કર ખાય
છે તે.
પટ=પહોળાઇ.
છોળો=મોજા.
વિઘ્ન=હરકત, ઇજા.
પોચા કાળજાની=બી-
કણ
છળી=ડરી.
અધખોલો=એક બાજુ-
એ થોડો ઉઘાડો.

પાઠ ૨૭ મો

ભક્ષ=શિકાર, ખાવાનુ
નિરાશ=નાઉમેદ.
નિરાંતે=નિચિંતે.
મરડીઆ=એક જાતના
કાકરા (એ કાંકરાને
પકાવવાથી તેની છો
થાય છે.)
બેરખો=હાથે રહે એવી
નાની માળા
કરણી=કૃત્ય, કામ,
કરવુ તે.
વેણ=વચન.
આતુર=ઇંતેજાર; ત-
ત્પર.
હત્યા=મારી નાખવું
તે; ઘાત.
કાળ=વરસ; વખત.
છળકપટ=છેતરવું તે;
દગો
ભાસ્યું=લાગ્યુ.
ધાસ્તી=બીક.
તલપ=કૂદકો.
કુદકારો=છલંગ.
વેપ=ડોળ.
ઢોંગ=ચાળા; વેશ.
પાળી=કપટ.

પાઠ ૨૯ મો

ઘેરાવો=ફરતો ઘેર.
ખરી ઉંચાઇ=સરાસરી
ઉંચાઇ
ચઢણ=છેક ઉપર થ-

ગળજીવાનો માર્ગ.
કલ્લેબંધી=કિલ્લા કોટનું કામ.
બુરજ=ઘુમટ.
હૈયારખી=છાતી સુધી આવે એવી ભીંત.
નરદમ=એકલા, નર્યા
વાર=યાર્ડ, ત્રણ ફુટ
સ્થિતિ=હાલત.
ભવ્ય=ઘણાં મોટા ને શોભીતા.
ખંડેર=પડી ગએલી ઇમારતો
ખડક=ખરાબો.
ઉપલાણુ=ઉપરના ભાગે
પતાઇ રાવળ=પાવાગઢનો ધણી (તેના વંશજ બારીઆ ને ઉદેપુરના રાજા છે)
છાતી રોકુ=છાતી બરાબર ઉંચુ.
ખાઇ=ખાડી.
પીર=મરણ પામેલા મુસલમાન સાધુ.
દેરડી=દેવડી.
દંતકથા=મોઢાની ચાલતી ખરી ખોટી વાત.
વેષ=સોંગ.
અલૌકિક=માણસમાં ન હોય તેવું; દેવીના જેવું,
રૂપ=ખૂબસુરતી, દેખાવ.
પાલવ=લુગડાની કોર
શાપ=બદદુવા.
ખરાબી=પાયમાલી.
તળેટી=પર્વતના મૂળ આગળની જગો.
દિવાન=પ્રધાન, વજીર.
ચૌટા=બજારો.
આબાદ=સુખી

પાઠ ૩૦ મો.

સંતોષી=સંતોષવાળા.
વિદ્વાન=ઘણું ભણેલો. પંડિત.
પરમાર્થી=બીજાનુ સારૂ ચાહનાર; પરગજુ.
સુબોધ=સારો બોધ; સારી શિખામણ.
માર્ગ=ઉપાય; ઇલાજ.
કૃપા=મહેરબાની.
વાંઝીઉં=છોકરા વગરનું.
વિઘ્ન=હરકત
ઓછું આવે=મન કચવાય
સ્વામી=ધણી; વર
મંદવાડ=રોગ.
આરોગ્ય=તંદુરસ્ત.
સાધન=સાહિત્ય, સામગ્રી.
હેરાન=દુઃખી.
ખોટ=નુકસાન, ટોટો.
અસંતોષ=સંતોષ નહિ તે.
સંતોષી તે સદા સુખી=જે માણસ સંતોષ રાખે છે તે હંમેશાં સુખી રહેછે.
મંત્ર=ગુપ્ત વિદ્યા.

સંભારવું=યાદ રાખવું

ભાગ પહેલો સમાપ્ત.

પુસ્તક પહેલું ભાગ ૨ જાના અર્થ.

પાઠ ૩૨ મો.

સીતા=રામની સ્ત્રી, જનકની પુત્રી, જાનકી.
જનક=મિથિલાપુરીના રાજા.
રામચંદ્ર=દશરથનાપુત્ર
ભાગ્યેજ=જવલ્લેજ.
સ્વયંવર=ઇચ્છા વરને માટે જે સભા ભરવી તે.
ખ્યાતી=વખાણ, તારીફ.
વરવા=પરણવા.
અયોધ્યા=સરયુ નદીને કાંઠે શહેર છે.
દશરથ=અયોધ્યાના સૂર્યવંશી અજ રાજાના પુત્ર.
વરમાળા=વરને પહેરાવવાની માળા.
આરોપી=પહેરાવી.
કૈકેયી=દશરથની નાની રાણી
ખટપટ=કપટ, જંજાળ
વનવાસ=જંગલમા રહેવુ તે.
ખિન્ન=દીલગીર, દુખી
સ્વામિનાથ=પતિજી.
વીખુટી=જુદી.
સમજુત=સમજણ
એકની બે થઇ નહિ=માન્યુ નહિ.
છેવટ=આખર.
માણુ=ભોગવવુ.
વિયોગ=જુદા પડવું તે
સાથ=સંગાત
સહન કરીશ=વેઠીશ, ખમીશ.
તત્પર=તૈયાર.
અથાગ=ઘણો.
આગ્રહ=હઠ.
અતિશય=વધારો, ઘણો
અઢળક=ઘણોજ.
ખાતર=માટે, વાસ્તે.
છળભેદ=કપટ.
હરણ કરી ગયો=છાની રીતે લઇ ગયો.
લંકા=સિંહલદ્વીપ એ હિંદુસ્તાનની દક્ષિણમા બેટ છે.
અશોકવાડી=વાડીબાગનુ નામ છે.
નાજુક=દુઃખ ન સહન કરી શકે એવી.
આખ ફેરવીને=ગુસ્સે થઇને.
ધમકી=બીવડામણ.
દમ.
દ્રઢતા=અડગપણું; પાકો નિશ્ચય.
સીતાનાં વીત્યાં=સીતા

ગજીને જેટલાં, દુઃખ પડયાં તેટલાં મે વેઠયાં.

પાઠ ૩૩ મો.

પુરાણો=હિંદુઓના જુના ઇતિહાસનાં ગ્રંથો. પુરાણ અઢાર છે.

શ્રીકૃષ્ણ=દેવકીના પુત્ર. પરમાત્મા

જાદવકુળ=એ કુળનો મૂળ સ્થાપનાર યદુ નામનો રાજા હતો તે ઉપરથી એ નામ પડયું છે.

દ્વારિકા=કાઠિઆવાડના વાયવ્ય કોણમા છે. હાલ એ ગાયકવાડ સરકારને તાબે છે, એમાં રણછોડજીનુ દહેરૂં છે)

મૌર્યવંશ=મુરા રાણીનો વંશ.

સ્થાપના=મંડાણ; શરૂઆત.

મગધ=બહાર પ્રાંત

સંગમ=મોટી નદીને નાની નદી જે ઠેકાણે મળેછે તે જગા

સમર્થ=બળવાન

મિત્રાચારી=દોસ્તી.

યુનાન=ગ્રીસ. (એ યુરોપખંડમા દેશ છે).

સુદર્શન=તળાવનુ નામછે

પૌત્ર=છોકરાનો છોકરો

અશોક=મગધના રાજા; બિંદુસારનો પુત્ર

ઇ. સ પૂર્વે=ઇસ્વીસન પહેલાં.

નિરાધાર= આધાર વગરના.

ધર્મશાળા=મુસાફર લોકોને વગર ભાડે ઉતરવાનુ મકાન; મુસાફરખાનુ.

ધોરી=સરીયામ

ચોતરા=ચબુતરા

સ્તભ=થાભલા.

મૂળતત્ત્વો=જે મુદ્દા કે સિદ્ધાંતોપર ધર્મ રચાયો હોય તે

કાયમ=હયાત.

લેખ=લખાણ.

લિપિ=ભાષા.

મુખ્યત્વે=ઘણુ કરીને

હિંસા=હત્યા, ઘાત.

વડીલ=મોટા

શ્રવણ=સાધુ

ઉડાઉ=ગેરવાજબી ખરચ કરનાર.

સદાચાર=સારીચાલ ચલગત.

હિત=ભલુ, કલ્યાણ.

મત=ધર્મ, પંથ.

વૃત્તાંત=હકીકત, બ્યાન

લાડી=વહુ.

લંકાની લાડી ને ઘોઘાનો વર=વહુ સિંહલદ્વીપની ને વર ઘોઘાનો.

પાઠ ૩૪ મો.

ઘેરો ઘાલ્યો=ચોગરદમ

'લશ્કર ગોઠવી દીધું.
નિર્ભાગ્યે=કમ નશીબે.
સામેલ=દાખલ.
સતી થવું=ધણીના મુ-
ડદા સાથે જીવતાં
બળી મરવું તે.
અણીને વખતે=આ-
ખર ઘડીએ
ડુંમો=બીકથી કોઇ
જોડે બોલતા છાતી
ધબકવી તે.
સમ્યા=મટયા.
ધર્મ=ફરજ, કર્તવ્ય.
આધીન=તાબે; વશ.
સલાહ=અભિપ્રાય.
વિઘ્ન=હરકત, અડચણ
કોટી કરવી=વહાલ આ-
વવાથી ગળે બાઝવું તે
ગદ્ગદ કંઠે=ગળામાંથી
અચકતા શબ્દો ની
કળે એવા અવાજથી
અપાસરો=શ્રાવકનુ દેવળ
અણધારી=ઓચિંતી
આફત=દુઃખ; સંકટ.

સમઝતું નથી=સમજ
પડતી નથી
આભાર=પાડ, ઉપકાર
વાસ=રહેઠાણ; મુકામ.
પ્રસવ્યો=જન્મ્યો.
નમન કર્યું=નમસ્કાર
કર્યાં.
ફોજ=લશ્કર; સેના

પાઠ ૩૫ મો

બારવટુ=જંગલમાં રહી
ને ગામ લૂટવા તે,
કોઠલો=દહીં દૂધ વગેરે
મૂકવાને માટી અથવા
લાકડાનો એક ઘાટ
રાજ વંશી=રાજાને પેટે
અવતરેલો.
રેખા=લીટીઓ; કાપા
પંજો=હથેલી ને આ
ગળા મળીને જે હા-
થનો ભાગ થાય છે
તે.
ઇરાદો=મનસુબો; વિ-
ચાર.
કામઠું=ધનુષ.

તીર=બાણ
દઢતા=મનનું અડગપણું
ઉમળકો=હાંસ.
ઉમળકો=હોંસ.
ખાતર=ચોર લોકોએ
ઘરમાં પેસવાને પા-
ડેલું બાકું.
આરોપ=તહોમત.
અનુમાન=ધારણા; અ-
ટકળ'
કલ્પના=ધારણા; અ-
નુમાન.
તિલક=ટીલુ.

પાઠ ૩૬ મો

જુનાગઢ=ગીરનારની
પાડોશમાં શહેર છે.
જોશી=જ્યોતીશ વિદ્યા
જાણનાર.
માગું=માગણી
ભાટ=બ્રાહ્મણની એક
જાત; વખાણ કરનાર.
બદલો=આભાર,
પદ્મની=ઉત્તમ વર્ગની
સ્ત્રી.

...=સાથે.
ખાંડું=તરવાર; રાજા જાતે ન જતાં કેટલીવાર પરણવાને તરવાર મોકલે તે.
બળાત્કારે=જોરજુલમથી.
સગપણ=સગાઇ.
દરવાન=દરવાજાની ચોકી કરનાર, દ્વારપાળ.
મ=મા; નહિ.
ખોય=ખોડ; ખાંપણ, એબ, બટ્ટો.
સમજુતી—હે માણેરા તું રડ નહિ, અને આંખો લાલ ન કર જો મરતી વખત માને યાદ કરીએ તો વંશમા બટ્ટો લાગે.
ખોદે તે પડે=બીજાને નુકસાન કરવાને જે ઉપાય કરે તેજ ઉપાયથી પોતાને નુકસાન થાય.

પાઠ ૩૭ મો

સોલંકી=ચાલુક્ય (એ રજપુત વંશનું નામ છે.)
સગીર=નાની, કાચી
ચોહાણ=રજપુત વંશનું નામ છે.
દિલ્હી=જમના નદીપર શહેર છે. (રજપુત અને મુસલમા રાજાઓની રાજધાની હતી એમા દરબાર ભરવામા આવ્યો હતો. હાલનું હિંદનુ રાજધાનીનુ શહેર.)
તલપ=ઉતાવળથી લેવાને પડવુ તે.
ઝઝુમી=તલપી
ધૂળબલાની=નજીવી.
મુરાદ=ઇચ્છા; આશા
શક=સંદેહ.
કુસંપ=અણબનાવ.
ખુવાર થવુ=ખરાબ થવું, નાશ પામવુ.

દષ્ટાંત=દાખલો; ઉદાહરણ.
ખૂબસુરત=દેખાવડી.
હાડેહાડ=રૂંવે રૂંવે.
ડંકો=નગારૂં, ઢોલ.
માંડળિક=ખંડીઆ.
જય=જીત; ફતેહ.
યુદ્ધ=લડાઇ.
કોપે=ગુસ્સે.
એકમત=સંપ.
કમર બાધવી=લડવું.
પ્રસંગ=વખત.
તા=મૂછે હાથ નાખવો તે.
અંકુશ=હાથીને વશ રાખવાનુ અણીદાર નાનુ હથિઆર
ત્રિશુળ=ત્રણ પાંખાવાળુ હથિઆર.
સાભર=જ્યા સાભર સરોવર છે તેની આસપાસનો ભાગ.
વિચિત્ર=નવાઇ જેવી.
આવેશ=ગુસ્સો.

પરાજય=હાર.

પાઠ ૩૮ મો

વાઘેલા=વંશનું નામ છે. (વાઘેલ ગામની જાગીર મળી હતી તેથી વાઘેલા નામ પડયું.)

અણહીલવાડ=પાટણ. (સરસ્વતી નદીને કાંઠે ઇ. સ. ૭૪૬ માં વનરાજ ચાવડાએ અણહીલ નામના ભરવાડના ઉપરથી વસાવ્યું હતું.)

વેરાન=ઉજ્જડ; વસ્તી વગરનો.

શરણ=તાબામાં

આજીજી=કાલાવાલા

ભંડાર=ખજાનો.

જનાનખાનુ=સ્ત્રીઓને રહેવાની જગા

સર કરવુ=જીતવું.

બેગમ=મુસલમાન પાદશાહની સ્ત્રી.

મલેક કાફુર=(ગુલામનું નામ છે એને ખંભાતની લૂટમાંથી અલાઉદ્દીન લાવ્યો હતો.)

બેત=સંકેત; યુક્તિ.

માનભંગ=અપમાન.

કલંક=ડાઘ.

સ્વાધીન=તાબે; હવાલે

પાઠ ૩૯ મો

દુરાચરણી=ખરાબ ચાલના.

બંડ=હુલ્લડ

પંડે=પોતે.

ઇલકાબ=ઉપમા

પશ્ચાત્તાપ=પસ્તાવો. દિલગીરી.

ઘોર=પાપી.

અદલ=વાજબી.

વાટપાડુ=રસ્તે લૂંટી લેનાર.

કાસળ=કાટ; નાશ; મૂળ.

સરહદ=છેવટની હદ.

વસુલાત=જમાબંધ

આબાદી=ચઢતી.

અમદાવાદ=એ સાબરમતી નદીને કાંઠે છે અહીંઆંના ધોતીજોડા અને મરકી વખણાય છે એનું ખરૂ નામ અહમદાબાદ છે.

પ્રવાહ=વહેણ.

ખ્યાતિ=નામના.

અદ્યાપિ=હજુ પણ.

ઓરસ=મેળો.

પાઠ ૪૦ મો

વરાળ=બાફ.

નિરંતર=હંમેશાં.

ઘટ=જાડી.

ધુમસ=ધુણીના જેવી વરાળ, એને ઓસ કે દવ પણ કહે છે.

ઝાકળ=ઠંડીના જોરથી હવામાંની વરાળનું પાણી થવુ તે; ઠાર

મોતીઆ=મોતીના દા-

…ણુ જેવા ટપકાં.
વાદળાં=વરાળનો જથો
કરા=બરફના ગાગડા આકાશમાથી પડે તે.

પાઠ ૪૧ મો.

દેશ=ઘણા ઇલાકા અને પ્રાંત મળીને થએલો તે.
પહાડ=જમીનપર જે મોટા ડુગરા આવેલા હોય તે.
ભેગા થઇ ગએલા=મળી ગએલા.
ટોચ=શિખર, ઉપલો ભાગ
સઢ=વહાણના કુવાને આધારે રહેલા કતાન કે દોટીના જે જાડા કપડામા પવન ભરાયાથી વહાણ જલદી ચાલી શકે છે તે.
સપાટી=હરકોઇ પદાર્થનો ઉપલો ભાગ.
આરપાર=એક છેડાથી બીજા છેડા સુધી.
ઉલટી=વિરૂદ્ધ, સામી.

પાઠ ૪૨ મો.

વાર્ષિક=વરસની.
ગતિ=ચાલ.
ઋતુ=મોસમ, રત.
વિશાળ=વિસ્તીર્ણ, લાબા પહોળા.
પીઠ=વાંસો.
આર=બળદના પરોણાની વચ્ચે લોઢાની અણીદાર ખીલી જડેલી હોય તે.
જોત=સળગતો કાકડો
કિરણ=સીધી લીટીમા પડતો પ્રકાશ

પાઠ ૪૩ મો

વાળુ=રાતનુ જમવાનુ
અગામી=ધાગુ.
કરાંઠી=કપાસ તુવેર વગેરેના સુકા છોડ.
ખુપરા=મોંયમા દાટવા સુકા ઠુંઠા.
કાઢા=નીક; કાંસ.
કાંસ=પાણી જવાનો માર્ગ: નીક.
ટેટી=ખડબુચ.
ખાતર=કોહી ગયેલો કચરો વગેરે.
ખરીફ=ચોમાસામાં વવાતા ધાન્ય
વાવણી=રોપણી.
કરપી=રાંપડી; ખેતીનુ એક ઓજાર.
નીંદી=ઉખેડી
હેલી=લાગલાગટ વરસાદનુ આવવુ,
નિરાત=ચેન, સુખ
વળે છે=થાય છે
માફકસર=જોઇએ તેવો
તીડ=ખેતરને નુકસાન કરનાર તપખીરીઆ રંગનુ જીવડુ.
ધમાલ=ધામધુમ; ધુમ.
રવિપાક=શિયાળુ પાક.
ખળી=કણસલામાંથી

અનાજ છુટું પાડ-
વાની જગા
ચીરા=ફાટ; ચીરાડા
કડબ= જુવારના સુકા
સાંઠા.
સરકારધારાના=વસુલા-
તના, મહેસુલના
ધારાના=વેરાના
શીતળ=ઠંડો.
પાન=પાદડા.
ખરે=ભોયપર પડે.
કઠોળ=દ્વિદળ ધાન્ય
તબોળ=પાન.
ધરે=પહેરે, ઓઢે
શાલ-ઊનનું કીંમતી
વસ્ત્ર.
તણા=“ના” એ છઠ્ઠી
વિભક્તિનો પ્રત્યય છે
ભલી ભાત=સારી રીતે

ઉંડા જળ જાય=પાણી
સુકાઇ ઓછું થાય
પામે=આવે.
પાન=પાંદડા
કેસુડા=કેસુડાના ઝાડનાં
ફૂલ.
ગુણવાન=ગુણકારી,
ફાયદાવાળા.
હોજ-પાણીની ટાકી
કુવાગ=જેમાંથી પાણી
ઉંચે ઉડે છે તે
ચંદન=સુખડ, કેસર
વગેરેને પાણીમાં ઘ-
સીને લચકા જેવું
બનાવે છે તે.
લાગ= લાગે.
કોયલ=મધુર રાગનું
કાળા રંગનું પક્ષી.
મીઠા બોલ=મધુર શબ્દ

મીઠાં વેણ.
વણતોલ=વણોજ.
ખાસું=મજાનું; સારૂં
ડુબાડુબ=ડુબી ગએલી
ઉચ્ચારે=બોલે; ગાય.
મલાર=એક રાગનું
નામ છે.
ચંપેલી જુઇ જાય } એક જાતનાં સફેદ ફૂલ.
ચંપા=પીળા રંગનું
સુગંધદાર ફૂલ.
ભલા=સારા.
ઝુલાય=ખીલે.
માટ=માટે.
ચાખડીઓ=પાવડીઓ
હિંચોળા=હીંચકા.
ખાટ=ખાટલા.

કવિતાની સમજુતી.

ટાઢની મોસમમાં ઠંડો પવન વાય, ઝાડનાં પાંદડાં ખરી પડે; ઘઉં, ગોળ, (શેરડી) કપાસ અને કઠોળ પાકે, અને લોકો ટાઢથી

...રીર ફાટે નહિ માટે શરીરે તેલ ચોળે અને પાન ખાય. (૧) ટાઢ વાય નહિ માટે લોકો શરીરે ડગલા પહેરે અને શાલ ઓઢે ગરીબ લોકનાં ટાઢથી પગ અને ગાલ ફાટી જાય; એ ઋતુમાં (શિઆળામાં) રાત ઘણી મોટી હોય છે અને દિવસ નાના (ટુકા) થાય છે અને શરીરમા સારી રીતે (સારો ખોરાક ખાવાથી) જોર આવે છે. (૨) ઉનાળામાં કુવા, વાવના પાણી ઉંડા જતા રહે છે–ઘટે છે અને નદી ને સરોવરના પાણી સુકાઇ જઇને ઓછા થાય છે ,સઘળી વનસ્પતિને નવાં પાંદડાં આવે છે અને સારાં ગુણવાળાં કેસુડાનાં ફૂલ પણ થાય છે. (૩) ગરમીની મોસમમા કુંડ ફુવારા અને બાગ સારા લાગે છે તેમજ ચંદન અને વીંજણા વહાલા લાગે છે; (કારણ કે એથી ઠડક વળે છે) કોયલ મીઠા બોલ બોલે છે અને તાપ ઘણોજ પડે છે. (૪) વરસાદની ઋતુ ઘણી મજાની લાગે છે, દુનીઆ પાણીમાં ડુબેલી દેખાય છે મતલબ કે બધેજ પાણી પાણી થઇ રહે છે; લોકો મલાર રાગ ગાય છે અને ખેડુતો ખેતરમાં વાવણી કરે છે. (૫) ચંપા ચંપેલી, જાુઇ, જાય અને ગુલાબનાં ફૂલ સારા ખીલે છે. ચોમાસામાં સુખને માટે છત્રી, પાવડીઓ, હીંચકા ને ખાટલા હોય છે. (૬)

પાઠ ૪૪ મો.

દ'લાકો=ઘણા પ્રાત, જિલ્લા અને એજન્સિ મળીને થએલો તે,

એજન્સિ=ઘણાં નાનાં રાજ્ય મળીને થએલો હોય તે.

નકશો=ગામ શહેર કે દેશ વગેરેનો ચીતરેલો નમુનો.

દેશ=ઘણા દ'લાકા અને પ્રાત મળીને થએલો તે.

જિલ્લા=ઘણા તાલુકા મળીને થએલો એક કલેકટરના તાબાને ભાગ.

ખાડી=નદીનો ભરતી વાળો ભાગ

પ્રાત=ઘણા જિલ્લા; એજન્સિ અને સંસ્થાન મળીને થએલો તે

ગવર્નરજનરાલ=હાકાનો સો-
થીવડો અધિકારી
રાજવહીવટ=રાજકા-
રભાર.
મંડળ=સભા
ખાતર=માટે
વિભાગ=ભાગના ભાગ

પાઠ ૪૫ મો.

એક સાદે=એક અવા-
જે; સાથે.
મજલ=ટપ્પો
ધાડ=લુટારાની ટોળી
ધાસ્તી=ભય, બીક.
એકલડોકલ=એકલા.
ગભરામણ=અકળામણ
ચાણોદ=રેવાકાઠા એ-
જન્સિમાં નર્મદાકાટે
જાત્રાનુ સ્થળ છે
સિદ્ધપુર=સરસ્વતી ન-
દીને કાઠે જાત્રાનુ
ઠેકાણું છે એમા માતૃ
શ્રાધ્ધ કરવા લોકો જા-
ય છે એમાં હાલ
ગાયકવાડનુ રાજ છે.

પાઠ ૪૬ મો.

સરખામણી=મુકાબલો.
વાકેફગાર=માહીતગાર.
પ્રશ્ન=સવાલ.
સગવડવાળા=જોગવાઇ
વાળાં
છક=દિંગ; તાજુબ.
બારૂ=અંદર, જ્યાં વ-
હાણો રહે તે.
હજીરો= કબર. રોજો.
રોજો=કબર.
દીવાદાંડી= વહાણોને
ખડકની ખબર આ-
પવા સારૂ દરીઆમા
ઉંચો મિનારો કરી
તેમા ફરતો દીવો
રાખે છે તે.
ટંકશાળા=નાણું પાડ-
વાની જગા.
ગોદી=જયા વહાણને
સમા કરવામા આવે
છે તે જગા, બાંધેલી
ખાડી

પુસ્તક ૧ લું દે.
૩ આના અર્ધ.

પાઠ ૪૭ મો.

સાળુ=બૈરાને પહેરવાનું
લાલ, લીલા; પીળા
વગેરે રંગનુ લુગડુ,
ચાપડો=પટો.
સાવચેતી=ખબરદારી.
આડું અવળું=આગળ
પાછળ.
ભોક=છિદ્ર; કાણું.
કસુર=વાંક, તકસીર.
તૂણવું=ભોકને કપડાના
જેવા દોરા વડે ભરી
લેવુ તે.
ખંડ=ઓરડો.
થીગડું=ફાટેલા લુગડા
પર જોડેલો કકડો.
કાપલા કુપલી=નકામા
પડેલા કડકા.
સંગ્રહ=સંઘરો
અંગુઠો=સોય ભોકાય
નહિ માટે આંગળીએ
જે ટોટી પહેરે છે તે
વડ=જાત.

ઓટવું=વાળીને બખી-
આ દેવા.
ફાંટ=દૂર દૂર ટાંકા મા-
રવા તે.

પાઠ ૪૮ મો.

કંટાળો=અણગમો,
ત્રાસ.
વાદે=સરખામણીએ.
પાલવે=પરવડે; ઓળે.
ઓશિઆળું=તાબેદાર
આંતરસેવો=કપડું લા-
ંબુ પડતુ હોય તો
જોઇએ તેટલું વા-
ળીને દોરો ભરવો તે
આટવે=આટીઓ ખ
વડાવે, વટાવે.
ફતેહ=જીત, જય.
વાઢવાળી=ધારવાળી

પાઠ ૪૯ મો

સાધન=સામગ્રી
તંગ=અધબેસતુંનહિ તે
વરે=ખપે.
દેખાવ=શોભા.
ખુલતુ=ઢીલુ.
મેળ=જુક્તિબધ મે-
ળવી દેવુ તે.
ચીંદરડી=લાંબી પટી.
મગજી=કપડાને છેડે
ગોળ કોર દેછે તે.

પાઠ ૫૦ મો

આક=નિશાની; એ-
ધાની.
આટી=દોરાનું ગોળ
ગુછળુ.
કાસકી=કાસકીના ઘા-
ટના જાડા કાગળપર
દોરા વીંટાળેલા હોય
છે તે, ચપડી
મહાવરો=અભ્યાસ,
ટેવ.
બખીઆ=પાસે પાસે
ને ઝીણા ઝીણા ટા-
કા દીધા હોય તે.
તોછડી=નાની.
ચાંપ=દાબવાનો સચો

પાઠ ૫૧ મો

ગરમી=ગરમ વસ્તુને
અડકવાથી જે લા-
ગણી પેદા થાય છે
તે.
ઉકળાટ=ઘામ.
ઉષ્ણતા=ગરમી.
ઝાળ=આંચ.
તીવ્રવાહક=જલદીથી
વહેવડાવનાર.
મંદવાહક=ધીમેથી વ-
હેવડાવનાર

પાઠ ૫૨ મો

બળતણ=બાળવાના
પદાર્થ
અસર=લાગણી.
ધુણી=ધુમાડો

પાઠ ૫૩ મો

દુઝણું=દૂઝતી ગાય
ભેંસો.
મોસાળ=માનુ પિઅર
કોઢીઉ=ઢોર બાધવાની
જગા.
બાકુણ=કપાસીઆ.
કાલા, ગુવાર વગેરે
ઢોરને ખવડાવવા
માટે બાફે છે તે
રખારણ=રખારીની

બાચડી.

નીરી=નાખી

પાનો=આંચળમાંથી દૂધ આવવા દેવું તે.

સેર=ઝીણી ધાર.

વટલોઇ=આમતેમ હાલી

સેલો=દોહતી વેળા ગાય કૂદે નહિ માટે તેને પાછલે પગે જે દોરડું બાંધવામા આવે છે તે.

છટકપાટુ=ખસી જઇને પાટુ મારવુ તે.

પાટુ=ઢોર પાછલા પગે લાત મારે છે તે.

સોતું=માથે.

ડબકાનુ=ઠેલી વારનુ

સ્વાદિષ્ટ=સ્વાદવાળું. લહેજતદાર

ઉચી ગઇ=દૂધ દેતી બધ થઇ.

ટંક=એક વખત.

પાઠ ૫૪ મો

વલોણું=દહીંને વલોવવાનું કામ

ગોરસુ=દૂધ અધરકરવાનું વાસણ.

રવૈયો=વલોવવાનુ હથિયાર.

નેતરા=સુતરના પાતળા દોરડા.

ડેરા=જેના મધ્યમાં વાસ પરોવીને ગોળીના મોને બાંધે છે તે; માકડી.

ઝડાકા–દોરી પકડી અવરનવર ખેચવી તે

ઘુમરી=ઘુમરડી ખવડાવવી તે.

દોણી=છાશ ભરવાનું માટીનું વાસણ.

સુથીઉ=ઘાસ વગેરેનુ મોટી ઉઢાણુ જેવું ગોળ બનાવે છે તે.

હાટીઉ=ભડારીઉ.

પાઠ ૫૫ મો

તર=મલાઇ.

પુરણુ=પુરા.

જીવન=જીવવું તે.

વૃદ્ધિ=વધવું તે.

ખુમચો=ટાટ; રકાબીના ઘાટની મોટી થાળી.

અધીરા=આતુર.

અપારદર્શક=આરપાર જોઇ શકાય નહિ એવુ.

ટાટ=ખુમચો.

ખુલાસો=સમાધાન.

પાઠ ૫૬ મો

માખણ=છાશ ઉપર ધોળુ અને ચીકણુ તરી આવે છે તે.

ચીકટ=ચિકાશવાળો ભાગ.

નરી=એકલી.

ઘટ=જાડા

ચરબી=પ્રાણીઓના શરીરમાથી ઘી જેવો

પદાર્થ નીકળે છે તે.

પાઠ ૫૭ મો

કંદોઇ=સુખડીઓ. મિઠાઇ બનાવનાર તથા વેચનાર

ટકો=સોમો ભાગ.

પોષણુ=વધારવું તે, ઉછેરવું તે.

ઓદાઇ=કુગાઇ.

પાઠ ૫૮ મો

ઘામ=ઉકળાટ

સામટા=એકદમ.

બનાવટી=જોડી કાઢેલી.

ઇંદ્ર=સ્વર્ગનો રાજા; દેવતાઓમા જે મુખ્ય તે.

મુગટ=શિરપેચ.

હક=જમાવ,

ફરજ=ધર્મ, કર્તવ્ય.

તજવીજ=તપાસ.

ચોપદાર=છડીદાર.

આજ્ઞા=હુકમ.

નોબત=નગારૂ.

સજ=તૈયાર.

વાચા=બોલવાનું ભાન

ખડી=ઉભી.

કર્તવ્ય=કામ; ફરજ.

છીપે=મટાડે; દૂર કરે.

કોકો=ચાને ઠેકાણે લોટ જેવો ભૂકો વાપરે છે તે.

છેદીને=કાણા પાડીને.

પંકિત=હાર, ઓળ.

અમૃત=મીઠું.

સાખ=આંબાપરજ પાકવા આવેલી કેરી.

નિર્વાહ=ગુજારો; ગુજમાન.

પાઠ ૫૯ મો

નમનકરવુ=નમવુ

કાટ=ઇમારત બાંધવામા વપરાતા લાકડા

સાચી=એકઠું કરી

મુર્ખાઇ=બેવકુફાઈ; નાદાની.

સોસવુ=વેઠવું

રાડુ=જુવારનો સુકો સાઠો.

નાતો=સંબંધ.

દાવો=હક.

ખોટ=તંગાસ તંગી.

પુષ્ટિકારક=જોર આપનાર.

છૂટ=રજા.

ઉત્પત્તિ=પેદાસ.

વેલો=ભોંયપર પથરાતો છોડ.

ખડાં થયા=ઉભા થયાં

વાપર=વપરાસ.

કઠોળ=દ્વિદળ ધાન્ય, મગ ચણા વગેરે.

હિસાબ=ગણુતરી; ગણુના.

ગરજ સારે છે=કામ બજાવે છે.

બરખાસ કરી=બંધ કરી.

પાઠ ૬૦ મો

કાળજી=ખંત

કોકડા=ગુંચળાં.

ડુંખ=ડાંખળી.

વસંત ઋતુ=ફાગણને

ચૈત્ર મહીનો.

કાપ્રી=ખુંદ.

લહેજતદાર=સ્વાદિષ્ટ. સ્વાદ આપે એવી.

ગુંહું=પડ.

પડ=ઢાંકણું; કવર.

પાઠ ૬૧ મો

આધારણુ=ખૂબ ઉકળતું પાણી.

પુડો=પડ.

સદતી=માફક આવતી

ટેવ=આદત; મહાવરો.

પાઠ ૬૨ મો

ગળપણુ=મિઠાશ.

વાઢ=શેરડીનુ ખેતર.

કોલું=શેરડી પીલવાનો સંચો,

રિવાજ=ધારો.

શુદ્ધ=ચોકખો; સ્વચ્છ.

રસી=શેરડીના રસને ઉકાળવાથી જે મેલ ઉપર તરી આવે છે તે

મસ્કો=માખણ.

અણગમો=નાપસંદગી.

બીટ=વિલાયતી લાલ કંદ.

પતરાં પતરાંવાળી=જેમાં પતરીઓ એટલે પડ દેખાય તેવી.

પાઠ ૬૩ મો

ભાત=રાંધેલા ચોખા;

ડાગર=છોડાવાળુ ભાત

પંખાળી=પાંખોવાળી

ત્રાંબાસાળ=ત્રાંબાના રંગની લાલ ડાંગર, પાણુસાળ.

સાળ=ડાગર.

બંગાળીઉ=બંગાળેથી આવેલુ.

સુખળું=બી ઉપરની પાતળી અણીદાર સળી.

કાનમ=ભરૂચ જિલ્લાનો પૂર્વ ભાગ.

પાઠ ૬૪ મો

નિભાવ=ગુજારો, નિર્વાહ.

મેદો=પરસુદી.

રવો=દાણાદાર ઘઉંનો લોટ.

ભાલ=ધોળકા તથા ધંધુકાનો પશ્ચિમ ભાગ અને કાઠિઆવાડનો કેટલોક ભાગ.

આરારૂટ=એક જાતના છોડના કંદનો લોટ.

સત્વ=કસ.

પાઠ ૬૫ મો.

વિચિત્ર=તરેહવાર; નવાઇ જેવું.

સુદ્ધાં=સાથે.

વણસાદોડી=દોડીની એક જાત.

જામ=ઝમરૂખ.

ડુંગરી=કાદા.

છૂટે છે=ઝરે છે.

પાઠ ૬૬ મો.

બાળ=ખોળ; પત્તો.

કળા=યુક્તિ; હુન્નર.

ઉધી=અવળી; ઉલટી

ઉધીઉં=ઉબડીઉં.

ઓળો=શીલા શેકેલા

ચણુ.
ઠાકળાં=બુદડાં.

પાઠ ૬૭ મો.

બિમાર=માંદા; રોગી
સંધરણી=વારે વારે ઝાડો થવાનો રોગ.
મરડા=પેટમા દુ.ખીને ઝાડા થવાના રોગ.
અરૂચી=અભાવ, અણગમો.
મધુરૂં મધુરૂ=થોડુ થોડુ
બેસુમાર=ઘણીજ.
ગંદકી=ગોબરવાડ.
થાળું=મથાળુ.
ભર=ગીચ, પાસે પાસે.
બિમારી=રોગ, મદ-વાડ.
જાજરૂ=સંડાસ.
મરી=પચી, ઉતરી.
ઓછુવત્તુ=થોડુ ધણુ.
કોઠ=ઢોર બાધવાની જગ્યા.
વિદાય થઇ=ગઇ.

પાઠ ૬૮ મો.

બે બોલ=થોડુ.
અવયવ=ભાગ.
ક્રિયા=કામ.
માહિતી=જાણુ, ખબર
નાજુક=કોમળ.
મગજ=મગજનો દાબડો.
રક્ષણુ=બચાવ
ફેફસાં=શ્વાસોશ્વાસની ઇંદ્રિયો
હૃદય=લોહીની ટાકી.
કાળજુ=પેટની જમણી બાજુએ માંસનો મોટો કટકો છે તે; પિત્તાશય.
પડખે=બાજુએ
આતરડુ=ગુંછળું વળેલો દોરડા જેવો પેટનો ભાગ. એ જઠરની નીચે ડાબી બાજુપર છે.
પેઢુ=પેટની નીચેનો ભાગ

ખાસ=જુદુ.
વાટે=રસ્તે.
પેટ=ઉદર.
જઠર=પાચન થવા માટે પેટની ડાબી બાજુએ ખોરાક ભરવાની કોથળી.
લાગણી=અસર.
જુસ્સો=મનનો ઉભરો લાગણી.

પાઠ ૬૯ મો

સ્વચ્છતા=ચોકખાઇ,
આરોગ્ય=તદુરસ્ત.
ખસ=ઝીણી ફોલ્લી.
દાદર=દરાજ.
ભયંકર=ગભીર.
છારી=પડ.
આવરદા=આયુષ્ય.
અડાયા=છાણુ સુકાઇને બનેલા તે.
મજન=માંજવા કે સાફ કરવાની વસ્તુ.
અવાળુ=દાંતના પિંડિયા.

કંજુસાઈ=કસર.
ઉલ=જીભ ઉપર વળગે-
લું વાસી થુંક.
ખોડો=ઉખડેલી ચામ-
ડીને મેલી રજ.
વતડવાની=ખંજવાળ-
વાની.
નખીઆં=નખવડે ખ-
જવાળવાથી ગુમડાં
જેવું થાય છે તે.
દાતી કરવી=કાસકીના
દાતામા ખડચચડી
દોરી ગુંથવી અથ-
વા ડાંગરના દાણા
ઘાલી તે વડે માથું
ઓળવું તે.
લીખો=જૂ માકડ વગે-
રેના ઈંડા.
માથાવટી=લુગડાનો
માથ.પર ઓઢવાનો
ભાગ જે ચીકટાય
છે તે
લટીઆ=લાંબા નિમા-
ળાનો ગુચ્છો.

અંબોડો=સ્ત્રીઓ પો-
તાના માથાનાવાળ
ઓળીને માથા પ-
છવાડે તેની જે ગાં-
ઠ વાળે છે તે.
લટ=લાંબા નિમાળાની
ગુચ્છ.
ટાલ=માથાના જેટલા
ભાગ પરથી વાળ
જતા રહ્યા હોય તે-
ટલો ભાગ
સંભવ=આશા.

પાઠ ૭૦ મો.

નાડી=હાથના કાડા
આગળની શિરા કે
જેવડે લોહીની ગતિ
તથા રોગ સમજાય
છે તે.
જઠરાગ્નિ=પેટની ગ-
રમી.
એંજીન=વરાળ પેદા
કરીને ગતિ આપ-
નારો સચો.

પાઠ ૭૧ મો.

મેળાપ=સમાગમ; મ-
ળવું તે.
ભસ્મ=રાખ, ખાખ.
ગુસ્સો=ક્રોધ.
વેગ=ગતિ, ચાલ.
કુખ=બગલ.

પાઠ ૭૨ મો.

બખોલ=ખાડો.
પિત્તાશય=પિત્ત ભેગું
થાય છેતે જગા.
જઠર=ખોરાક પચાવ-
નારી મુખ્ય ઇંદ્રિય.
અન્નનળી=જે વાટે
ખોરાક પેટમાં જાય
છે તે નળી.
માસ પિંડ=માંસનો
લોચો.
પિત્ત=લિલાશ પડતો
પ્રવાહી પદાર્થ.
લાળ=ચીકણું થુંક.
ઉલટી=ઓકારી; વામીટ
કોળીઓ=ગ્રાસ.
શીરા=ઝીણી નસ.

...=પ્રવાહી.
...ષ=બાકી.
મળ=મેલ; નરક.

પાઠ ૭૩ મો.

વર્ગ=જાત.
સુસ્ત=આળસુ.
સહીસલામત=ક્ષેમકુશળ.
તાર=તાતણા.
જાળુ=ફાંદો.
કોશેટો=પતગીઆને રહેવાની લાંબી ગોળ દડી.
ગોટી=દડી.
કોકડી=તરાકના ઉપર શંકુ આકારે વીટાળેલુ જે સુતર તે.
મ્હૈસુર=દક્ષિણહિંદુસ્તાનમા એક દેશી રાજ છે.
યુક્તિસર=તજવીજથી
સાળ=કપડા વણવાનો સંચો.
પોશાક=લુગડાં.
ટકાઉ=મજબુત; ઘણો વખત ચાલે એવા.

પાઠ ૭૪ મો.

વેણ=કપાસનો છોડ.
કપાસીઆ=કપાસનાંબી
ચરખો= કપાસમાંથી કપાશીઆ તથા રૂ જુદુ પાડવાનો સંચો.
ગાદલા=ગોદડા.
પુણીઓ=રૂના ગાળાનો વેતેક લાબો ને આંગળી જેટલો જાડો એવો જે આકાર કાતવા માટે તૈયાર કરેલો તે.
રેંટીઓ=સુતર કાતવાનો સાદો સંચો.
વાટા=ગોળ આકારના લાબા થાય છે તે.
વણકર=વણવાનું કામ કરનાર.
સાલ=કપડા વણવાનો સંચો.
તાતણો=તાર.

પાઠ ૭૫ મો.

ઓઢો=બળદને ઓઢાડવા સારૂ સીવેલું કપડું.
રૂવાંટી=કુમળાં અને છેક ઝીણા વાળ.
ઘટ=જાડા.
ગીચ=પાસે પાસે.
ઉઝરડા=કાપા; ઘરસકા.
લાજમર્યાદા=આબરૂ અને અદબ.
મરજાદા=અદબ; મર્યાદા.
કુદરતી=ઇશ્વર તરફથી મળેલી

પાઠ ૭૬ મો.

રૂમાલ=મો સાફ કરવાનો કકડો.
પ્રવેશ કરે=દાખલ થાય.
ઠીકળી=ઠંડી.
સુતરેલ=સુતરાઉ; સુતરના.
ઉકળાટ=બાફ
કરકરૂ=ખરબચડુ

આળે=ઝટકાવે.
સુજની=રજાઇ.

પાઠ ૭૭ મો.

ગરમાવો=ગરમી; હૂંફ
ઝોળ=ઝોખા.
અકારાં=અણગમો આપે એવા
લૂ=ગરમ હવાનો ઝપાટો.
મંદવાહક=ધીમેથી વહેવડાવનાર.
તીવ્રવાહક=જલદીથી વહેવરાવનાર.
ગરજ=કામ.
સારતા=બજાવતા.
પોમરૂવાંટી જેવું કપડાં પર હોય તે.

પાઠ ૭૮ મો

ઝુઅડ=ગદી.
સાવરણી=સુતારો.
પરસાળ=ઘરમાં પેસતાં પહેલો ઓરડો આવે છે તે.
વહીઓ=દર; બાકા.
છત=છાજ.
ખેર=ઝીણી રજ.
ઉથામીને=ઉંચકીને.

પાઠ ૭૯ મો

ગ્રહણ=સૂર્ય ચંદ્રના બિંબપર પડતી પૃથ્વીની છાયા.
આંગણું=બારણા આગળની જગ્યા.
ઓકળી=ઘીંપણમાં. અંગુઠેથી પાડવામાં આવતી નકશી.
અલગ=એલાયદી, જુદી.

પાઠ ૮૦ મો

માત્ર=ફક્ત.
અંગ=શરીરના ભાગ
મોજથી=આનંદથી.
શ્વાસ=દમ.
પોષણ=ગુજરાન, ગુજારો.
સાદું=હલકું.
માસાહારી=માસ ખાનાર.
સેવાળ=નીલ.
ટીશી=કુંપળ; પાંતરાની કળી.
રખેને=કદાચ.
જીવહિંસા=હત્યા: જીવને મારવો તે.
ધાસ્તી=બીક.
ગુમ થવાથી=જતી રહેવાથી; દેખાતી બંધ થવાથી.
ટળી=મટી; દૂર થઇ
ગુંગળાટ=અકળામણ
ઠેકડો=કૂદકો.
ચેન=સુખ
લપલપાવીને=બહાર કાઢીને.
ગોળો=પિંડો.
ભવ=અવતાર,
રમુજી=ગમ્મત આપે એવી.

ભાગ ૩ જો સમાપ્ત.

પાઠ ૩ જો. ડાળે બાંધેલો હીંચકો.

ઝંચકો=ઝુલો	વળતી=પછી	ફુલયાં=ખીલ્યાં
બકુલ=બોરસળી	વાળ=બાળ; નિમાળા	ભારી=ઘણું જ
તણી=ની (છઠ્ઠી વિભકિતનો પ્રત્યય)	ચમકાવે=ચોંકાવે	શિર=માથું
શોભા=દેખાવ	માય=મા	મંદ=ધીમી; થોડી
હીંચું=હીંચકા ખાઉં	મલકાવે=હસાવે	લીલાં પીળાં લાગે=ચક્કર આવે
અપાર=પાર વગરનુ, ઘણુ જ	વાય=વા	હુંય=હું
	સુગધી=સારી વાસ	તુંય=તું

સમજુતી—બેની ! બોરસલીની ડાળ પર હીંચકો બાંધ્યો તેની શોભા સારી છે, હુ ઘણા વહાલથી હીંચકો ખાઉ.

જો હુ જોરથી હીંચકો ખાઉ તો સામી ડાળ સુધી જાઉ, પણુ પાછા ફરતા (પીઠ ગમની) પેલી ડાળ સાથે અફળાઉ, પવનના પુરા ઝપાટા ઘણુ સુખ આપે છે, પછી નિમાળા છૂટા પાડે છે અને ઘણી વાર ચોકાવે છે.

વળી મનને ચોંકાવે છે અને ઘડીમા (જરા વારમા) ગભરાવે છે; વળી ત્યા ધીમો વા વાય છે તે મને હસાવે છે. બાગમાં ફૂલ ખીલ્યા છે તેથી કેવી સારી ખુશબો વહે છે ! એ ખુશબો મને ઘણું સુખ આપે છે.

બોરસલીના ફૂલ માથા પર પડે છે તે ઝીણા ટપકાં જેવા; વળી એ (બોરસલીના ફૂલ) મને મીઠી ધીમી ખુશબો આપે છે, મોં નીચું રાખીને હીંચકા ખાઉ, હીંચકા ખાઉ, હીંચકા ખાઉ પણુ ચક્કર (ફેર) આવે તો આખ બધ કરૂ.

હુ હિમત રાખુ તો થાકથી કદી થાકું નહિ, પણુ એ વહાલા હીંચકા રખેને તુ તૂટતો ! જ્યારે તુ તૂટયો ત્યારે હુ પડુ અને અફળાઉં, માટે રમતુ છોડી દઇને હવે તો હુ ઘેર જાઉ.

પાઠ ૬ ઠ્ઠો.

આજ અને કાલ.

હસતે=મલકાતે.
મુખ=મોઢે.
વેર્યાં=નાખ્યાં.
નસીબે=દૈવયોગે.
કેરાં=ના. (છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય છે)
નીચા નમી=વાંકાવળી.
વીણીશું=એકે એકે લઇશું.
આજ=ચાલતો દિવસ.
અત્યારે=હમણા
ગુસ્સેથઇ=રીસ કરી.
વિપત=દુ ખ, આપદા.
વણુતોલે=ઘણીજ.
દીલગીરી=ઉદાસ.
કાલ=આવતો દિવસ.
ભૂલીને=વિસરીને.
ભુંડું=નઠારૂં, ખરાબ.
માફ=ક્ષમા.
અન્ય=ગેરઇનસાફ.
મટવાને=અટકાવાને.
ગુસ્સો=ક્રોધ.
ઘટવાને=ઓછો થવાને
વઢવું=લડવુ.
ધીરીને=ઉધાર આપીને
આબરૂ=ઇજ્જત.
ધનપાખી=પૈસા વગર
પાખી=વગર. સિવાય.
દેવું=આપવુ.
ધીરેલા=ઉધાર આપેલાં
નવ=નહિ.
આલે=આપે.
વાંકુ બોલી=જુદું બોલી
ભાળે=જુએ.
ફરિયાદી=ઇન્સાફ મેળવવા અરજ.
સદ્ગુણ=સારા ગુણ.
પામો=મળો.
ગુસ્સો=ક્રોધ.
ગાળો=અપશબ્દ, ભુંડાં વચન.
ચિંતા=ફીકર.
ચટપટી=ગભરામણ; ચળવળ.
અટપટી=ગુંચવણ ભરેલી.
મા,લે=ખુશીથી રહે.

સમજુતી—નશીબે ખુશી થઇને રસ્તામા ગુલાબનાં ફૂલ નાખ્યા તે આપણે વાકા વળી ક્યારે વીણીશું ? હે બાઇ, હમણા આજ ને આજ વીણી લો (મતલબ કે જેમ ફૂલ થોડા વખતમાં કરમાઇ જાય છે તેમજ સારાં કામો કરવાનો વખત પણ જતો રહે છે, માટે ગુલાબના ફૂલ રૂપી સારા કામો તરતજ કરવાં.) (નશીબે એટલે કુદરતે રસ્તામા એટલે દુનીઆમા ગુલાબનાં ફૂલ એટલે સારાં કામો.) (૧) પણ કદાપિ જો તે ગુસ્સો કરીને બોલે તો તેને ઘણુંજ દુઃખ પડે તો પછી ઉદાસ ક્યારે થવું ? હે બાઇ. કાલે, કાલે, કાલે. (મતલબ કે સારાં કામ કરતા દુ ખ આવી પડે તોપણ દીલગીર થઇ

દગા દેવું નહિ.) (૨) કોઇએ ભૂલથી આપણું નઠારૂં પણ કીધું હોય અને વળી આવીને આપણને દુઃખ પણ આપ્યું હોય તો તેને આપણે માફ ક્યારે કરીશું ? હે બાઇ, આજ ને આજ અત્યારે માફ કરીશું. (૩) પણ ગેરઈન્સાફ મળતો હોય તે અટકાવવાને અને મનમાંથી રીસ ઓછી કરવાને માટે જો કોઇની સાથે લડવું પડે તો ક્યારે લડવું ? હે બાઇ, કાલે, કાલે, કાલે લડવું. (૪) કોઇએ આપણને પૈસા ઉધાર આપીને આપણી આબરૂ રાખી હોય તે માણસ પૈસા વગર દુઃખી થતો હોય તો તેને પૈસા પાછા ક્યારે જઇને આપવા ? હે બાઇ આજ ને આજ હમણા આપવા. (૫) આપણે ઉધાર આપેલા પૈસા પાછા આપે નહિ અને વાકું બોલીને સામું પણ જુએ નહિ તો તેવા માણસ પર કહો કે ક્યારે ફરિયાદી કરવી ? હે બાઈ કાલે, કાલે, કાલે ફરીયાદી કરવી. (૬) સારા ગુણના ઘણાં કામો કરવાં છે પણ કામ ધંધાને લીધે આપણને જરા પણ વખત મળે નહિ તો પછી તેને (સારાં કામને) ક્યારે કરવા ? હે બાઇ, આજ ને આજ હમણાં કરવાં. (૭) મનમા ક્રોધ, નઠારા વચન, ફીકર, ગભરામણ અને ગુચવણ ભરેલી વાતો પોતાની મેળે આવે તો તે મનમા જઇને ક્યારે આનંદથી રહે ? હે બાઇ, કાલે, કાલે, કાલે.

સાર—દરેક સારા કામ આજ ને આજ કરવા અને નઠારાં કામનો વિચાર આવતી કાલ પર રાખવો. મતલબ કે નઠારાં કામ કરવાજ નહિ.

પાઠ ૯ મો.
શરદની રાતે ગરબા ગાવા વિષે.

સાહેલડી=સખી.
હાં હાં=ઠીક ઠીક.
હરિચરિત=પરમેશ્વરની લીલા.
ચરિત=ચરિત્ર; લીલા.
અલબેલડી=ફાંકડી; રંગીલી.
સખી=બેનપણી.
પ્રેમે=હેતથી.

શરદ=છ ઋતુમાંની એક; ભાદરવો ને આસો
રંગ=શોભા.
ગંભિર=ગંભીર; મોટું.
ભાતડી=ભાત; તરેહ.
નક્ષત્ર=તારા. ૨૭ નક્ષત્રો કહેવાય છે
છાતડી=છાતી.
નીર=પાણી.
વાતડી=વાટ; રસ્તો.
હરખ=આનંદ.
કુમુદ=પોયણું; ધોળુ કમળ ફૂલ.
કુમુદાદિક=ધોળાં કમળ ફૂલ વગેરે.
જાતડી=જાત; તરેહ.
રત=પ્રીતિ ભરેલુ, રીતે.
મસ્ત=મગ્ન;ચકચુર.
ઘેલડી=ઘેલી, ગાંડી.
ગોવિંદ=પરમેશ્વર.
રંગ=મજા.
રેલડી=રેલ.
લહાણી=ખુશાલીમાં સૌને સરખી ભેટ આપવી તે.

સમજુતી—હે ! હે બેની, સખી ઉઠો સૌ મળીને ગરબા ગાઇએ, હાંહાંરે સૌ મળીને ગરબા ગાઇએ. (૧) વળી હે ! અલબેલી, સખી હેતથી પ્રભુની લીલા ગાઇએ, હાહારે સૌ મળીને ગરબા ગાઇએ. (૨) શરદની રાત ખૂબ ખીલી છે અને રંગથી ભરેલી ભીની છે, હા હારે રંગથી ભરેલી ભીની છે (૨) જુઓ મોટા આકાશની ભાત મજાની આસમાનની ખીલી છે, હાંહાંરે મજાની આસમાની ખીલી છે. (૪) ચંદ્ર અને તારા જોઇ છાતી ઠરે છે. અને સુખથી ફુલે છે, હાંહારે ઠરીને મજાથી ફુલે છે. (૫) નદી, પાણી અને પર્વતના રસ્તા હરખથી કેવા હસે છે ! હાહારે હરખથી કેવા હસે છે ! (૬) પોયણુ વગેરે ફૂલની જાતો રાતે ખીલી રહે હાહાંરે રાતે ખીલી રહે છે. (૭) સખી, રાગ મસ્તાનથી ઘેલી થઇને પ્રભુના ગુણ ગાઇએ; હાંહારે સખી પ્રભુના ગુણ ગાઇએ. (૮) ચોકખા રંગની રેલ થઇ (આનંદની મજા પુરેપુરી થઇ) હવે લહાણી વહેંચીએ, હાંહાંરે હવે લહાણી વહેંચીએ. (૯)

પાઠ ૧૨ મો.

શબરી અને રામચંદ્ર

શબરી=એ નામની એક ભીલડી હતી.
રામચંદ્ર=સૂર્યવંશી દશરથ રાજાના કૌશલ્યાથી થએલા પુત્ર
મુજ=હું
દાસડી=ચાકરડી
પરે=ઉપર.
ધરીને=લાવીને.
સ્વામીજી=ધણીજી.
મુનિ=ઋષિ તપસ્વિ
મર્મ=છુપો ભેદ.
કુશ=દર્ભ, ડાભ.
નિત્યકર્મ=સંધ્યા વંદનાદિ કર્મ.
દર્ભ=કુશ, ડાભ,
આશ્રમ=મઠ, આરામ પામવાની જગા.
ભ્રમ=ભ્રાંતિ; વહેમ,
આહાર=ભક્ષ; ખોરાક
શ્રીકાર=સરસ.
આગે=આગળ
અપવાસણુ=ભૂખી
સંધરી=એકઠા કરી.
સાર=સારા
રાઘવ=રામચંદ્ર
પ્રાયે=બહુ કરીને, કરતાના જેવાં
કંઇએ=કોઇ પણ જગાએ
નિર્મળ=પવિત્ર.
નેહ=સનેહ, પ્રીતિ
કૌશલ્યા=દશરથની ત્રણ રાણીઓમાની પહેલી રાણી
બદ્રીફળ=બોર
મધુરા=મીઠા
મુજને=મને
તણો=નો (છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય છે)
પાર=ઠેકો,
ભાવ=હોંસ; ઉમંગ
ભાવ ધરી=હોંસથી
પ્રાશન=ખાવું; જમવું.
પાવન=ચોકખુ, નિર્મળ.
સ્વસ્થ=શાંત.
રઘુરવી=રામચંદ્રજી
વિરહ=વિયોગ.
નયને=આંખોએ
નયને વહે છે નીર=આંખોમાથી આંસુ પડે છે
અધિક=વધારે
સહી=સાખી, સહન કરી

સમજુતી—મુજ ચાકરડી પર દયા લાવીને પ્રભુજી તમે દર્શન દેવાને સારૂ થયું કે પધાર્યા જેથી મારૂં મન માન્યું થયું. (૧) સ્વામીજી (રામચંદ્રજી) આ દર્ભ લઇને હમેશના કામ (સંધ્યા વગેરે)

કરો; આ કર્મ ઘણું જુનો છે. તમે મુનિનો હુકમ ચઢાવો,) (૨) રામચંદ્રજીએ ત્યાં નિત્ય કર્મ કીધુ પ. શબરીએ ત્યાં ચાકરી કીધી તેથી મોટો વહેમ દૂર થયો.(૩) જે સારાં અમૃત સરખાં ફળ જાણ્યાં તે મેં ખુશીથી ખા ચાખીને આ મૂક્યાં છે. (૪) જે મને મીઠા લાગે તે કાપી જોયાં છે; મેં આગળ (પહેલાં) એમ વિચાર્યુ કે એ રામને રાખું. (૫) તે દિવસની હું ભુખી છું મે એક પણ ખ નથી, મેં તે સારાં તમારે માટે સઘરી રાખ્યા. (૬) રામચંદ્રજી કહે છે કે તારા પવિત્ર પ્રેમને લીધે મને બહુ કરીને (લગભગ) અમૃત જેવાં મીઠાં લાગે છે, એવા એ કોઇ ઠેકાણે ખાધાં નથી. (૭) જેવાં તારાં મીઠા બોર મને ભાવે છે તેવો સ્વાદ કૌશલ્યાના પીરસ્યામાં પણ આવતો નથી. (૮) સીતા હેતથી અમૃત સરખુ ભોજન પીરસતી તેથી પણ આ મીઠાં લાગે છે, કારણ કે તારૂ હેત ઘણુંજ છે. (૯) મેં એવુ હેતથી ભોજન કોઇ જગાએ ખાધુ નથી, તેમજ હુ ઘણા દહાડાનો ભૂખ્યો છુ તેથી હેતથી ખાઉછુ. (૧૦) પછી રામચંદ્રજીએ ચોકખુ પાણી પીધુ ને શાંત થયા, પણ સીતાના વિયોગથી આંખમાંથી આસુ પડે છે. (૧૧)શબરી સાચુ કહુ છુ તે સાભળ તુ મને કૌશલ્યા કરતા વધારે વહાલી છે, મારૂ મન ઘણુ કાચુ છે તેથી હું સીતાનો વિયોગ સહન કરી શકતો નથી. (૧૨)

પાઠ ૧૬ મો.
ગર્વ વિષે.

ગર્વ=અહંકાર, અભિમાન.
છલકાશો=ફુલાશો.
ફુલણજી=વખાણથી ગજી થઇ ખર્ચ કરનાર.
નાઠા=હાર્યા.
અધવચ=વચ્ચોવચ.
આટા=ઘાણ.
ખુટયા=ઓછા થયાં.
ખર્વ=અજબ પછીની સંખ્યા; હજાર કરોડ.

ા. રાજા ૪; શિખા- -અગ્નિ કુંડ- .થી નીકળેલી દ્રુપદ રાજાની પુત્રી	વડો પુત્ર, એ અને એના ૯૯ભાઈ કૌ-રવ કહેવાય છે	બાજે=જુએ બણતર=શિક્ષણ, પાણીમાં પડવું=નાકાસું ગયું
	ગરવ=અહંકાર, ગર્વ	બાળી=બાળા; છોકરી
	પસ્તાશે=દીલગીર થશે	પોત=ફુમાસ
	પેલી=પહેલી.	હદપાર=ઘણું
	હુંપદ=અહંકાર; મા-રાપણું	તુચ્છપણે=તોછડાઇથી
		ખરૂં રૂપ=મૂળ સ્વભાવ
ભારે=ઘણું.	મેલી=મૂકી,	ખોલે=ઉઘાડું પાડે.
લાજ=આબરૂ	ફાળ=કૂદકો	તરણું=તણખલું
દુર્યોધન=ધૃતરાષ્ટનો	શિર=માથું.	તોલે=બરાબર

સમજુતી—બેનો અહંકારથી છલકાઇ જશો નહિ મતલબ કે અહંકાર કરશો નહિ, વખાણથી ફુલાઇ ખર્ચ કરી ફુલાશો નહિ બધા માણસો અહંકારથી હાર્યા ને તેઓ ગામ મૂકીને અધવચે નાઠા, અહંકારથી ઘણા માણસના ઘાણ નીકળ્યા. (ટેક) (૧) ઘણા રાજ ગર્વથી નાશ પામ્યા જે પૈસા ખર્વની સંખ્યાથી ગણાતા તે પણ ખૂટી ગયા, અને બધાએ મરણ પામ્યા. (ટેક) (૨) અભિમાનિ કંસ પણ કેવો મુઓ ! અને રાવણ જેવો પણ મરી ગયો, એ એથી તો ખરી શિખામણ લેવી (ટેક) (૩) જ્યારે દ્રૌપદીને દુર્યોધને ઘણું દુઃખ દીધુ અને તેની આબરૂ લેવા ઉભો થયો ત્યારે તે પાપી મુઓ. (ટેક) (૪) જે મનમા અહંકાર રાખે તે ઘેલી પુરી પસ્તાશે માટે અહંકાર છોડી દઇને મન મોટુ રાખો. (ટેક) (૫) કુતરૂ કોઇ ગાડા નીચે ચાલે તો તે ગાડાનો સઘળો ભાર પોતાને માથે જાએ અને તેથી તે ફુલાઇને કુદકા મારી ડગલાં ભરે જાણે કે ગાડાનો સઘળો

...ાર મોઢાને ખાધે જુએ અને તેથી તે ફુલાઇ.
...ારે ભણું કે આડાનો સઘળો ભાર હું જ ઉપાડું છું.
...ે ભ.ભા ભણી ગણીને ગર્વને છૂતે નહિ, અને સા...
નહિ તો તેનું ભણતર નકામુ ગયું સમજવું. (ટક) (૭,
...રૂપાળી અને ડાહી છું. મારા જેવી કોઇ છોકરી નથી એવું અ...
હોય તેજ બોલે. (ટક) (૮) જે પુરૂં ભણેલું હોય તે પોતાનુ
બતાવે નહિ. અને કદાપિ અહંકારથી હદ પાર બોલે પણ નહિ,
જેમ અધુરો ઘડો હોય તેજ છલકાય તેમ જે થોડું ભણેલી હોય તે
અહંકાર કરે. (ટક) (૯) જે બીજાને તોછડાઇથી બોલે તે પોતાનું
સ્વરૂપ (સ્વભાવ) ઉઘાડું પાડે છે મતલબ કે હું અહંકારી છું એમ
બતાવે છે, તેની આબરૂ તણખલાની બરાબર રહે. મતલબ તેની
આબરૂ બીલકુલ રહેતી નથી. (ટક) (૧૦)

પાઠ ૧૯ મો.

વરસાદની ઝડીઓ.

ઝડીઓ=વરસાદના ઉપરા ઉપરી ઝાપટાં.
વેગવાળી=ગતિવાન.
બાળી=જોઇ
નભ=આકાશ; ગગન.
છાઇ=ઢાકી.
રવિ=સુરજ
પળતી=દોડતી.
છટાથી=ચપળતાથી.
ધાડી=જબરી.
આંધી=વંટોળિયો; વાવાઝોડું.
ધટા=ભરાવ
મીચીને=બંધ કરીને.
વીજ=વીજળી
ગાજે=ગર્જના કરે.
ઇંદ્રરાય=મેઘરાજા, વરસાદ,
ટોકા=ટહુકો.
તહુકો=એકદમ રીસમાં કાઢેલો અવાજ.
મુસળધાર=જાડી ધારમાં પડતો હોય જે વે; જોરમાં પડતો હોય એવો.
પેખો=જુઓ
મેડક=દેડકો.
જોરભરી=જોસબંધ.
નાવજ=વહાણુજ.
પૂરપાટે=ઝપાટાબંધ
નીકો=પાણી જવાનો માર્ગ; ગટર.
નિકોરી=મોરી, પાણી જવાનો સાંકડો માર્ગ

ાવો.	મેઘજળ=વરસાદનું પાણી.	ધરતી=જમીન.
		છવાઇ=ઢંકાઇ.
.ાફર.	ત્રાસે=કંટાળે.	શું=કેવી.
ાન.	તૃણ=ઘાસ.	સહુ=બધા.

સમજુતી—કાળી, વેગવાળી, રૂપાળી, ઘણી વાદળીઓ આ-
ામા જતી તે જોઇ, તે (વાદળી) સુરજને ઢાંકીને છટાથી દોડતી
તથી તેની ઘણી જાડી ઘટાથી વંટાળીઓ થયો. (૧)ઘણી વી-
જળી થાય છે તેથી આંખો મીચીએ છીએ, ઘણા જોરથી મેઘ
રાજા ગર્જના કરે છે, તેનો જવાબ મોર ટહુકો કરી આપે છે,
સિંહો એકદમ રીસમાં અવાજ કાઢે છે ને માથું અફાળે છે. (કા-
રણકે સિંહ સમજે છે કે મારા કરતાં બળવાન કોઇ નથી ત્યારે
આ અવાજ કોણ કરે છે એમ સમજી એકદમ રીસમાં આ
અવાજ કાઢી માથુ પટકે છે) (૨) મુસળધાર પાણી પડે તે તમે
જુઓ, દેડકો ડેંડુ કરે છે તે જુઓ. જોસબંધ ઝપાટાથી નદી
ચાલે છે તે જુઓ, ઝપાટા બંધ વહાણ ચાલે છે તે જુઓ,
(૩) નાની મોરીઓ અને ગટરો પાણીથી ભરાઇ અને સરોવરો-
માંથી પાણી છલકાઇ જાય છે, ખેડુત અને મુસાફર વરસાદથી ભીં-
જાઇ ગયા છે, તેથી તેઓ ઝાડોનીચે ઉભા રહ્યા છે. (૪)
પેલા પશુઓ વરસાદથી કંટાળીને નાસે છે વળી પક્ષીઓ વરસાદના
પાણીથી કંટાળે છે; લોકો ઘરો બંધ કરીને ભરાઇ બેઠા તેઓ ટાઢથી
ધ્રૂજે છે તેથી તાપણી લઇ બેઠા છે. (૫) લીલા ઘાસથી પૃથ્વી
ઢંકાઇ છે તેથી હે ! બાઇ ઇશ્વરની વાડી (આ દુનીઆ)
શુ બની રહી છે ! વરસાદથી દાણા, ફૂલો અને ફળો થવાનાં તેથી
બધા લોકોના દુ:ખ જવાનાં. (૬)

પાઠ ૨૨ મો.	કર=હાથ.	
આળસ વિષે.	વશ=તાબે.	જ
આળસ=સુસ્તાઇ.	ડગ=ડગલું.	દરિદ્ર
ગ્રીવાન=કેદી.	ચરણ=પગ.	ભિખા
શીદ=શા માટે.	હેડ=જે મોટાં કોરેલાં લાકડામાં ગુનેગારનો પગ ઘલાવી રાખવામાં આવે છે તે.	અવગુણકાર કરનારી; નુક રક.
વગર=વગર.		
વગુ વાંક=વગર ગુનાહે		
નુકસાની=હાનિ.		નિશ્ચે=નક્કી,
દાઝ=બળાપો.	ધરી=નાખી.	સ્વપ્ને=સ્વપ્નામાં.
નવ=નહિ.	વારી=અટકાવી, ખાળી	જડ=મૂળ.
ાજા.	ભણતર=ભણવું તે.	જામે=ફેલાય.
છોડી.	લાભ=નફો, ફાયદો,	વિસ્તાર=ફેલાવો.
ગએ=ખમીએ; વે.	લણવા=ભેગા કરવા; મેળવવા.	પામે=મેળવે.
		સમી=બરાબર; જેવી.

સમજુતી—એ આળસડી તુ શા વાસ્તે કેદી બનાવે છે! વગર વાંકે કામ ભુલાવીને શા માટે હાનિ કરાવે છે? કોઇ ઉદ્યમ કરતાં ખાળે તો તેના પર મનમાં બળાપો થાય, પણ તારા પર તો જોર ફાવતુ નથી એ આળસડી તું શા વાસ્તે કેદી બનાવે છે! વગર વાંકે કામ ભુલાવીને શા માટે હાનિ કરાવે છે? (૧) જો રાજાની આજ્ઞાથી ધંધો છોડી દઇને બેસી રહીએ તો (નુકસાની વેઠીએ) નુકસાન થાય, તો તે રાજાને જુલમી કહીએ. (ટેક) (૨) હે! આળસડી તેં જેના હાથ (આળસરૂપી) બંધને બાંધી લઇ કબજે કર્યા, તેણે તો તરતજ ધંધો છોડી દીધો. (

થાય એટલે આળસ કરે તે ... ઉગલું ...
ણે કે તેના પગમાં હેડ ઘાલી હોયની ! તું ...
જુલમીજ છે. (ટેક) (૪) તું વાંચતાં ...
ન પાટા બાંધ્યા હોયની ! તે તરત પુસ્તક (વાંચવાનું)
. (ટેક) (૫) તું ભણતર ભણવા દેતી નથી.
પરમેશ્વરના ગુણ ગણવા દેતી નથી મતલબ કે પરમે-
ભજન કરવા દેતી નથી; તું વધારે ફાયદો મેળવવા દેતી નથી.
ક) (૬) તું પૈસા કે આબરૂ મેળવવા દેતી નથી. મિત્રોને મળવા
દેતી નથી; તેમજ શિખામણ સાભળવા પણ દેતી નથી. (ટેક) (૭) તું
ગરિબાઇ આપનારી છે. તેમજ શરીરને નુકસાન કરનારી છે; તું નઠ્ઠી
બહુજ નઠારી છે. (ટેક) (૮) અમે તારાથી મનમાં બહુ બીએ છે
સ્વપ્ને પણ તને સંઘરીશું નહિ, તને વેરી સમજીને હંમેશાં દૂર કરા
મતલબ કે તને અમારા શરીરમા પેસવા દઇશું નહિ. (ટેક) (૯) તા
મૂળ ધીમે ધીમે ફેલાય છે, અને પછી તો બરાબર ફેલાવો પા
તને દલપતરામ કવિએ રોગી જેવી દીઠી. મતલબ કે રોગીને જોઇ
જેમ ચીતળી ચઢે તેમ તને જોઇ દલપતરામને ચીતળી ચઢી. (૧૦)

પાઠ ૨૫ મો.

બાળાઓને બોધ.

બાળા=બાળકી.
બોધ=ઉપદેશ.
...=સૂર્યોદય થતાં
... જ્યારથી ઉ-
થવા માંડે છે ત્યારથી સૂર્યોદય થતા સુધીનો વખત તે; પરોઢ.
પરમ=મોટા
પરમેશ=મોટા ઇશ્વર.
લીજે=લઇએ.
પૂર=પૂરો.
ઉત્સાહ=હોસ; ઉમંગ.
કાજ=કામ.
સ્નાન=નહાવું તે.
ભોગ=દુઃખ ભોગવવુંતે.
ઇશ=પરમેશ્વર.
આ...એ=પૂંજીએ;
...એ.
જ જાળ=ખટપટ.
પદ=પગ.

[illegible]	[illegible]=બોલીએ.	૨
[illegible], મીઠી નજર	મધુરવાણી=મીઠા શબ્દ.	
[illegible] વગેરે.	ઠાઠ=ભપકો.	રંગ.
[illegible]	ઘોંઘાટ=અવાજ.	ખંત=ઢ
[illegible]=ખાવી.	સમય=વખત,	સકળ=બધ
[illegible]=ઉમંગ; હોંસ.	કોટી=કરોડ.	કાંન=કહાન

સમજુતી—સૌ બેનો હંમેશાં સવારમાં ઊઠીને; મોટા પરમે નામ લઈએ પછી ખરા ઉમંગ અને આનંદ મનમાં લાવીને સઘ કામ બરાબર કરીએ, સૌ બેનો હંમેશાં સવારમાં ઊઠીએ. (૧) નહા- વાથી શરીર સુધરે છે અને રોગના ભોગ થતા (રોગનું દુઃખ ભોગ-) બચીએ છીએ; ચિત્તને સુધારીએ, પરમેશ્વરને ભજીએ અને પટમાં ફસીએ નહિ. (ટક) (૨)મા અને બાપના પગને , મતલબ કે માબાપને પગે લાગીએ, ભાઈબેનમાં મી- ના હેત લાવીએ ઘરનુ સઘળું કામ ઉમંગથી શીખીએ, અ- .ઢથી મીઠી વાણી બોલીએ. (ટક) (૩) જ્યા આઠ વાગે કે દઈને અવાજ કર્યા વગર પ્રેમથી પાઠ કરે। નાનપણનો વ- શીખવાને માટે સારો છે આગળ કરોડો ઉપાયથી એ (વખત) મ- ળશે નહિ. (ટક) (૪) સારા માણસની દોસ્તીનો પાસ હંમેશાં લેવો મતલબ કે સજ્જનની દોસ્તી હંમેશાં કરવી અને નઠારા માણસને જે- ઈ આઘા ખસવું મતલબ કે દુર્જનની દોસ્તી કરવીજ નહિ; સુખમાં અને દુઃખમાં જીવ આનંદમાં રાખવો એમ શરીર અને મનને ઘણું કસવું. (ટક) (૫) કાળજી રાખીને સઘળા સારા સદ્‌ગુણો શીખવા અને હમેશાં સારી વાત પણ સાંભળો તાજ . લોક અને પરલોક સુધરે મતલબ કે મૃત્યુ લોક અને સ્વર્ગ લોક બંને કામ સઘાય ક-

.ની શિખામણો પ્રમાણે જે નારીઓ આવશે

(૨૬) (૬)

	ઉર=મન.	ધ્યાન=સ્મરણ
.ઘટ.	નાવડી=હોડકું; નાની હોડી.	મછ=માછલાં
		તયારી=તૈયારી.
.ારો,	નોકા=હોડી; વહાણ.	પુરણ=પુરૂં.
મેલ વગરની	જહાજ=મોટું વહાણ.	વામે=દુર થાય.
.છ, નિર્મળ,	વિદેશ=પરદેશ.	નભ=આકાશ,
.ર=પાણી.	લાવો=ઓરીઓ, ઓરતો.	વિષે=માં,
.છપે=મટે.	વણજ=વેપાર.	નભવિષે=આકાશમાં.
તરસ=પ્યાસ; શોષ	નફો=ફાયદો, લાભ.	તહાં=તે ઠેકાણે.
બેડું=ગાગર ને ઘડો	વિશેષ=વધારે	
શિર=માથુ.	કીઓ=કોઇ.	તરૂ=ઝાડ
શિરપરે=માથાપર.	બગ=બગલો.	છાંય=શીળ.
રવ=અવાજ.	ધસારે=ધસારાબંધ	ગમન=જવુ

સમજુતી— આ દહાડામા (ફાગણ ચૈત્રમા) ઓવા ઉભા રહીને નિર્મળ, વાંકડી નદીને જતી જુઓ, તે બહુ શોભ તેમાં (નદીમા) કાચનાં જેવું ઘણું ચળકતું પાણી વહે છે. મીઠું પાણી પીવાથી મોંહામાની તરસ મટે છે. (૧) ત્યા જઇને બાયડીઓ અને પુરૂષો હોસથી નહાય છે કેવા તરે છે ! ને જમતમાં રમીને ખુશી થાય છે, કોઇ (લુગડા) ધુએ છે, કોઇ ઝડપથી પાણી ભરીને મનમા ઉમગ લાવીને માથાપર બેડાં મૂકે છે. (૨) ઓજી માણસો સ્વચ્છ (જેમા કાદવ પાણી ન હોય તેવી) હોડીઓ ચલાવે છે, જુઓ વહાણ માલ લઇને ઝડપથી આવે છે; ઘણા

માણસો વહાણમાં બેસી (વેપાર માટે)
વેપારમાંથી ઘણો લાભ અને લાવો મળે છે. (
ઘણી માછલીઓ કુદે છે, પણ કયો માછી પકડશે
નહિ વળી બગલાઓ (શિકારને માટે) ઘણું ભારી
બેઠા છે, તેઓ માછલાને લેવા ઝડપથી તેયારી કરે
પશુ પક્ષીઓને પુરેપુરં (જોઇએ તેવુ) સુખ મળે
કેમ કે સારૂં ચરવાનું મળે છે તેથી ભૂખનું દુઃખ દૂર થાય
આકાશમા ચંદ્રમા ખીલીને તે (ચંદ્રમાનુ પ્રતિબિબ) પાણ
પડીને ત્યાં વારંવાર તરતો હાલે તે જુઓ. (૫)
ાડો બહુ સારો છાયડો કરે છે, પક્ષી
ામી ઊડી જાય